GJBK030004412024

| | | |
|---|---|---|
| રજુ થયા તારીખ | : | ૨૬/૦૩/૨૦૨૪ |
| રજીસ્ટરે લીધા તારીખ | : | ૨૬/૦૩/૨૦૨૪ |
| ફેસલ થયા તારીખ | : | ૧૦/૦૪/૨૦૨૬ |
| અવધિ | : | વર્ષ માસ દિવસ |
| | | ૦૨ ૦૦ ૧૫ |

**વડગામના જ્યુડિશયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુ. વડગામ**

**ફોજદારી કેસ નં. ૩૩૬/૨૦૨૪**

**આંક** :– ૪૯

| | | |
|---|---|---|
| **ફરીયાદી** | :– | **સિધ્ધરાજસિંહ સોનસિંહ રાજપૂત**<br>ઉ.વ.આ. ૪૨, ધંધો– ખેતી તેમજ પશુપાલન.<br>રહે. વડગામ, તા. વડગામ, જી.બનાસકાંઠા. |
| | | **–: વિ રૂ દ્ધ :–** |
| **આરોપી** | :– | **પ્રવિણ સિંહ ગંભીરસિંહ સોલંકી,**<br>ઉ.વ. ૪૫, ધંધો– ખેતી તેમજ પશુપાલન.<br>રહે. આંબેડકરનગર,વડગામ, તા. વડગામ, જી.બનાસકાંઠા. |

---

**ફરિયાદી તર્ફે : વિધ્વાન વકીલ શ્રી ડી.ડી. ગુર્જર,**
**આરોપી તર્ફે : વિધ્વાન વકીલ શ્રી યુ. જી. હડિયોલ**

---

**બાબત :– ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ....**

**–: ચુકાદો :–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી મોજે ગામ વડગામ તા. વડગામ, જી.બનાસકાંઠા મુકામે રહે છે અને ખેતી તેમજ પશુપાલન કરી તેમનું તથા તેમના કુટુંબનું ગુજરાન ચલાવે છે. આ કામના આરોપી આંબેડકરનગર, મુ. વડગામ, તા. વડગામ મુકામે રહે છે અને ખેતીવાડી તેમજ પશુપાલનનો ધંધો કરે છે. ફરીયાદી તેમજ આ કામના આરોપી એકજ ગામના અને એકજ સમાજના હોઈ અવાર નવાર

મળવાનું આપસમાં થતું હોય આપસમાં મિત્રતાના સબંધો બંધાયેલા અને આ કામના આરોપીએ ફરીયાદીનો વિશ્વાસ અને ભરોસો સંપાદન કરેલો. આ કામના આરોપી આશરે છ માસ અગાઉ ફરીયાદીના ઘરે આવેલા અને કહેવા લાગેલ કે, મારે સમાજીક કામ અર્થે રૂા. ૮,૦૦,૦૦૦/– ની જરૂરીયાત ઉભી થયેલ છે તો તમો મને ગમે તે કરીને રૂા. ૮,૦૦,૦૦૦/– હાથ ઉછીના આપો, જે રૂપીયા હું તમને બે માસમાં પરત આપી દઈશ, તેથી ફરીયાદી તેમજ આ કામના આરોપી વચ્ચે આપસમાં સારા સબંધો હોય અને ફરીયાદી તેમજ આ કામના આરોપી એકજ સમાજના તેમજ એકજ ગામના હોય આ કામના આરોપીના કથન ઉપર વિશ્વાસ અને ભરોસો રાખી ફરીયાદીએ પોતાની ખેતીવાડી તેમજ પશુપાલનની આવકમાંથી કરેલ બચતમુડીમાંથી આ કામના આરોપીને રૂા. ૮,૦૦,૦૦૦/– સામાજીક કામ અર્થે હાથ ઉછીના આપેલા અને તે વખતે આ કામના આરોપીએ ફરીયાદીને વિશ્વાસ અને ભરોસો આપેલ કે, ફરીયાદીએ આ કામના આરોપીને આપેલ રૂા.૮,૦૦,૦૦૦/– આ કામના આરોપી બે માસમાં અચુકથી આપી દેશે તેવો વિશ્વાસ અને ભરોસો આપી, આ કામના આરોપી ફરીયાદી જોડેથી રૂા. ૮,૦૦,૦૦૦/–હાથ ઉછીના લઈ ગયેલા. ત્યારબાદ ફરીયાદીએ બે માસ બાદ આ કામના આરોપી પાસે પૈસાની વારંવાર ઉઘરાણી કરતાં આ કામના આરોપીએ ફરીયાદીને તા. ૮/૧૨/૨૦૨૩ ના રોજનો બેન્ક ઓફ બરોડા વડગામ શાખાનો રૂા. ૮,૦૦,૦૦૦/– નો ચેક નં. ૦૦૦૦૦૩ નો ચેક આપેલો અને તેમાં ફરીયાદીની હાજરીમાં આ કામના આરોપીએ સહી કરેલી. ચેક આપતી વખતે આ કામના આરોપીએ ફરીયાદીને એવો વિશ્વાસ અને ભરોસો આપેલ કે, ફરીયાદી આરોપીએ આપેલ ચેક ફરીયાદી તા. ૮/૧૨/૨૦૨૩ ના રોજ કે ત્યારબાદ ગમે ત્યારે ખાતામા જમા કરાવીશું તો ફરીયાદીને આરોપી પાસેથી લેણા નીકળતાં રૂા. ૮,૦૦,૦૦૦/– અચુકથી મળી જશે. ફરીયાદીએ આરોપીના કથન ઉપર વિશ્વાસ અને ભરોસો રાખી આરોપીએ આપેલ તા. ૮/૧૨/૨૦૨૩ નારોજનો ચેક નં. ૦૦૦૦૦૩ નો રૂા. ૮,૦૦,૦૦૦/– નો ચેક ફરીયાદીએ તેમની બેન્ક બૅન્ક ઓફ બરોડા વડગામ શાખામાં તા. ૧૪/૧૨/૨૦૨૩ ના રોજ જમા કરાવેલો. જે ચેક કલીયરન્સમાં જતાં તા. ૧૪/૧૨/૨૦૨૩ ના રીર્ટન મેમાના કારણ નં. ૧૯(એ) થી આરોપીના **ખાતામાં પુરતું બેલેન્સ ન હોઈ** આરોપીએ આપેલ ચેક સ્વીકાર્યા વગર પરત ફરેલો અને જેની જાણ ફરીયાદીને તેમની બેન્કે કરેલી. આ કામના આરોપીએ આપેલ ચેક પરત ફરતાં ફરીયાદી આરોપીને મળેલા અને ચેક અપુરતા ભંડોળના કારણે પરત કરેલ તેની જાણ કરતાં આ કામના આરોપીએ

ફરીયાદીને કહેલ કે, હાલ મારી પાસે પૈસાની સગવડ નહી થઈ શકવાના કારણે મે આપેલ ચેક અપુરતા ભંડોળના કારણે પરત ફ રેલ છે પરંતુ તમો એક માસ બાદ ફરીથી મે આપેલ ચેક તમારા ખાતામાં જમા કરાવશો તો તમારા લેણા નીકળતા નાણાં રૂા. ૮,૦૦,૦૦૦/- અચુકથી મળી જશે તેવો વિશ્વાસ અને ભરોસો આપતાં અને ફરીવાદી તેમજ આ કામના આરોપી એકજ સમાજના હોય અને એકજ ગામના હોય ફરીયાદીએ આરોપીના કથન ઉપર વિશ્વાસ અને ભરોસો રાખી આ કામના આરોપી સામે કોઈ જ કાર્યવાહી કરેલ નહી. આ કામના આરોપીના કથન ઉપર વિશ્વાસ અને ભરોસો રાખી આ કામના આરોપીએ આપેલ ચેક નં. ૦૦૦૦૦૩ નો રૂા.૮,૦૦,૦૦૦/- નો બેન્ક ઓફ બરોડા વડગામ શાખાનો ચેક ફરીયાદીએ ફરીથી તેમની બેન્ક બેન્ક ઓફ બરોડા વડગામ શાખામાં એક માસ બાદ તા. ૬/૨/૨૦૨૪ ના રોજ જમા કરાવેલો. જે ચેક કલીયરન્સમાં જતાં તા. ૭/૨/૨૦૨૪ ના રીર્ટન મેમાના કારણ નં. ૧૯(એ) થી આ કામના આરોપીએ આપેલ ચેક અપુરતા ભંડોળના કારણે સ્વીકાર્યા વગર પરત કરેલો અને જેની જાણ ફરીયાદીને તેમની બેન્કે કરેલી જેથી આ કામના આરોપીએ ચેક બે વાર અપુરતા ભંડોળના કારણે પરત કરેલ હોય કરીયાદીને આ કામના આરોપી ઉપરનો વિશ્વાસ અને ભરોસો ચાલ્યો જવા પામેલ છે. જેથી ફરિયાદીએ તા. ૧૮/૨/૨૦૨૪ ના રોજ આ કામના આરોપીને વકીલશ્રી મારફત બાય રજી. પો. એ.ડી.થી નોટીસ આપેલી. જે નોટીસ આ કામના આરોપીને તા. ૧૮/૨/૨૦૨૪ ના રોજ બજી ગયેલ છે. આમ, આ કામના આરોપીને કાયદા મુજબની નોટીસ બજી ગયેલ હોવા છતાં અને નોટીસમાં જણાવેલ સમય પુરો થયો હોવા છતાં આરોપીએ ચેકમાં જણાવેલ રકમ આજદીન સુધી પરત ચુકવેલ નથી કે નોટીસનો જવાબ આપેલો નથી. આમ કરીને આરોપીએ ફરિયાદી સાથે છેતરપીડી તથા વિશ્વાસઘાત કરી " ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ " મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ છે. જેથી આ ફરીયાદ કરવાની જરૂરીયાત પડેલ છે.

(૨) આ કામે ફરીયાદી દાખલ થતા, ફરીયાદીનું બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ વેરીફીકેશન લઈ તેમજ આરોપી સામે ઉપરોકત ગુનાનું સંજ્ઞાન લઈ, આરોપીને સમન્સ કાઢવામાં આવેલ, જે સમન્સ આરોપીને બજી જતા, આરોપી કોર્ટમાં હાજર થતા, તેમને ફરીયાદી અને તેની સાથેના દસ્તાવેજી પુરાવાઓની નકલ

આપવામાં આવેલ. ત્યારબાદ ઉપરોકત ગુના બાબતે આરોપી વિરૂધ્ધ આંક– ૧૩ થી તેમની પ્લી લેતા, આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલો. તેથી તેમની વિરૂધ્ધ કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

<u>મૌખિક પુરાવો</u>

| અનુ. નંબર | પુરાવાનુ વર્ણન | આંક |
|---|---|---|
| ૦૧. | ફરીયાદી સિધ્ધરાજસિંહ સોનસિંહ રાજપૂતનો સોગંદ પરનો પુરાવો રજુ થયેલ છે. | ૦૪ |

<u>દસ્તાવેજી પુરાવો</u>

| અનુ. નંબર | પુરાવાનુ વર્ણન | આંક |
|---|---|---|
| ૦૧ | આ કામના આરોપીએ ફરીયાદીને આપેલ ચેક અસલ. . | ૦૬ |
| ૦૨ | રીટર્ન મેમો અસલ. | ૦૭ |
| ૦૩ | રીટર્ન મેમો અસલ. | ૦૮ |
| ૦૪ | નોટીસની સ્થળપ્રત. | ૦૯ |
| ૦૫ | આરોપીને નોટીસ પોસ્ટ ધ્વારા મોકલાવેલ તે રજી. પો. એડી. ની પાવતી અસલ. | ૧૦ |
| ૦૬ | આરોપીને નોટીસ બજી ગયેલ તે પોસ્ટની એકનોલેજમેન્ટ સ્લીપ અસલ. | ૧૧ |

ફરીયાદપક્ષ તરફે આંક–૩૯ થી વધુ પુરાવો રજુ કરવા ન માંગતા હોવાની હકીકત જણાવી પુરાવા બંધની પુરસીશ રજુ કરેલ છે.

(૪) ત્યારબાદ, સદર કામે આરોપીનુ બી.એન.એસ.એસ. ૩૫૧ મુજબ નુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ ફરીયાદપક્ષના તમામ આક્ષેપો નો ઈન્કાર કરેલ છે.જયારે સોગંદ પર જુબાની આપવા તેમજ બચાવના સાહેદો તપાસના પ્રશ્નમાં ''હા''પાડેલ છે, અને વિશેષમાં આરોપીએ જણાવેલ છે કે,' અમો નિર્દોષ છીએ અમારા ઉપર ખોટો કેસ કરેલ છે.

(૫) ત્યારબાદ, ફરીયાદીપક્ષે વિ.વકીલશ્રીએ દલીલો કરી એવી રજુઆત કરેલ છે કે, તેઓ ફરીયાદીપક્ષે આરોપી સામેનો કેસ મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી રજુ કરેલ છે. આરોપીપક્ષે ખંડન કરતો કોઈ પુરાવો રજુ કરેલ નથી. જેથી તેઓ આરોપી ને મહતમ સજા અને ફરિયાદીને ચેકની રકમની બમણી રકમનુ વળતર ચુકવવા અરજ ગુજારેલ છે.

આરોપીપક્ષે કરવામાં આવેલ મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે આ કામના ફરીયાદીની ઉલટ તપાસમાં ફરીયાદની હકીકતથી વિરૂધ્ધની હકીકતો રેકર્ડ ઉપર લાવેલ છે અને તે રીતે કલમ–૧૩૯ મુજબની હકીકતોનું ખંડન કરવામાં આવેલ છે તેમજ આરોપી સામે કહેવાતો ખોટો કેસ કરેલ છે તેમજ આરોપી નિર્દોષ હોય આરોપી સામે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૮ મુજબનો કોઈ ગુનો બનતો ના હોય નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૬) કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :

**–// મુદ્દાઓ //–**

મુદ્દા નં. ૧ શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરિયાદ વાળો ચેક નં. ૦૦૦૦૦૩, રૂા. ૮,૦૦,૦૦૦/–નો આરોપીએ પોતાનાં કાયદેસર નાં દેવાની ચુકવણી પેટે ફરિયાદી ને લખી આપેલો, તે ચેક ફરિયાદીએ નિયત સમયમાં વટાવવા માટે પોતાની બેંકમાં રજુ કરતા, તે ચેક વગર સ્વિકાર્યે '**ફંન્ડસ ઈનસફીસીયન્ટ**'' ના શેરા સાથે પરત ફરેલો, જેની જાણ આરોપીને નિયત સમયમાં પોસ્ટ મારફતે કાયદેસરની નોટીસ મોકલાવેલી જે નોટીસ આરોપીને મળવા છતા તેમણે નોટીસનો અમલ ન કરી, ફરિયાદ વાળા ચેકની રકમ ફરિયાદીને ન ચુકવી, આરોપીએ **ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮** મુજબનો શિક્ષા ને પાત્ર ગુનો કરેલ છે?

મુદ્દા નં.૨ : શુ હુકમ?

(૭) પક્ષકારો તરફેની રજુઆતોએ તેમજ રેકર્ડે રજુ થયેલ પુરાવા હકીકતો સબબ કેસનુ સમગ્ર રેકર્ડ ધ્યાને લેતાં ઉપરોકત મુદદાના નિર્ણયો નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

**<u>-: નિર્ણયો :-</u>**

મુદૃા નંબર- ૧ ::- હકારમાં,
મુદૃા નંબર- ૨ ::- આખરી હુકમ મુજબ.

**<u>-: કારણો :-</u>**

**<u>મુદૃા નં.૧ :-</u>**

(૮) સદરહુ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરતા પહેલા કાયદાકીય જોગવાઈઓ તથા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ની જોગવાઈ ધ્યાને લેવી આવશ્યક છે, જેના તત્વો નીચે મુજબ છે.

- **<u>ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ના આવશ્યક તત્વો</u> :-**

૧. આરોપીએ તેમના ધ્વારા લખવામાં આવેલ ખાતામાંથી ફરિયાદીને નાણા ચુકવવા ચેક આપેલ.

૨. આરોપીએ ફરિયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશત: દેવા માટેની જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

૩. ચેક જે તારીખે લખ્યો તે તારીખથી ૬(છ) માસની અંદર સમય મર્યાદામાં અથવા વેલીડીટી પીરીયડ બન્ને માંથી જે વહેલા તે સમય મર્યાદામાં રજુ કરવામાં આવેલ છે.

૪. તે ચેક આરોપીનાં ખાતામાં અપુરતા ભંડોળનાં કારણે પરત ફરેલ છે.

૫. ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરિયાદીએ નાણાની માંગણી લેખિતમાં કરેલ હતી.

૬. તેઓને નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેકનાં નાણા સમય મર્યાદામાં ચુકવી આપેલ નથી.

(૯) ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટનાં કાયદા મુજબ અદાલતે બે અનુમાન કરવાનાં રહેશે, જેમાં પ્રથમ અનુમાન કલમ–૧૧૮ અન્વયે તથા બીજુ અનુમાન કલમ–૧૩૯ અન્વયે કરવાનું રહેશે.

- **<u>ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ ધ્યાને લઈએ તો</u> :–**

**કલમ–૧૧૯ વટાવખત વિશે માની લેવાની બાબત...**

એથી વિરૂધ્ધના સાબિત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે :

૧. દરેક વટાવખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતુ અને આવુ દરેક ખત જયારે તે સ્વિકારવામાં આવ્યુ હોય તો, તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોત તે વટાવવામાં આવુ હોય અથવા તબદીલ કરવામાં આવ્યુ હોય તે અવેજને માટે સ્વિકાર્યુ હતુ તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યુ હતુ અથવા તબદીલ કર્યુ હતુ.

૨. **<u>તારીખ વિશે</u> :**

જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાવખત તે તારીખે કરી આપ્યુ અથવા લખી આપ્યુ હતુ.

૩. **<u>સ્વિકારવાનાં સમય વિશે</u> :**

સ્વિકારાયેલું દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલા વ્યાજબી સમયમાં સ્વિકારવામાં આવ્યુ હતુ.

૪. **<u>તબદીલનાં સમય વિશે</u> :**

કોઈ વટાઉખતની દરેક તબદીલ તે ખત પાકવાની તારીખ પહેલા થઈ હતી.

૫. **<u>શેરાઓનાં ક્રમ વિશે</u> :**

ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

૬. **<u>ધારક થયાક્રમ ધારક છે એમ માની લેવામાં વિશે</u> :**

-

કોઈ વટાવખતનો ધારક યથાક્રમ ધારક છે. પરંતુ, જયારે તે ખત તેના કાયદેસરનાં માલીક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યુ હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વિકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યુ હોય, ત્યારે તે ખતનો ધારક પોતે યથાક્ર મે ધારક છે એમ સાબીત કરવાનો બોજો તેના ઉપર છે.

- **<u>કલમ–૧૩૮ – ચેકનાં ધારણકર્તાની તરફેણમાં અનુમાન</u> :**

વિરૂધ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી એવું માનવામાં આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૯ માં દર્શાવ્યા મુજબ કોઈ દેવાનાં અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેનાં કોઈ ભાગમાંથી બોજ મુકત થવાનાં બદલામાં તે ચેક મેળવ્યો હશે. પાછો ફરેક ચેક વર્તમાન લેણાનો કે જવાબદારી પુરી કરવા માટેનો હતો પરંતુ અનુમાન કરીને દેવા પરત્વેનો ન હતો તો ચેક આપનાર ઉપર છે.

(૧૦) ફરીયાદપક્ષની આરોપી વિરૂધ્ધની ફરીયાદ હકીકતોને પુરવાર કરવા સબબ ફરીયાદી નાઓએ **આંક–૦૪** થી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૫ અન્વયે સોગંદ ઉપર પુરાવો રજુ કરેલ છે. ફરીયાદપક્ષે **આંક–૦૬ થી આંક– ૧૧** સુધીના દસ્તાવેજો રજુ રાખેલ છે.

સદર ચેકની તારીખ, ચેક પરત ઠરાવ્યાની તારીખ, નોટીસની તારીખ તથા જનરલ કલોઝસ એકટની કલમ–૨૭ ધ્યાને લેતાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮(એ)(બી)(સી) નું સંપુર્ણ પાલન થયેલ છે. જેથી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ અનુમાન હાલના કેસમાં લાગુ પડે છે અને તેથી આવો ચેક તેણે દેવા જવાબદારી પેટે આપવામાં આવેલ હશે તેવુ અનુમાન કરવા પાત્ર રહેશે તેમજ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ ધ્યાને લેવામાં આવે તો, જયાં સુધી વિપરીત પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી દવારા અવેજ પેટે આપવામં આવેલ તે ઉપર લખેલ તારીખે ચેક લખવામાં

આવેલ તેવુ અનુમાન તથા તે જ કલમમાં અન્ય અનુમાનો ફરિયાદીની તરફેણમાં કરવા પાત્ર થાય છે.

**(૧૧)** આ કામે આરોપી પક્ષ તેમની વિરૂધ્ધની ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ અને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ મુજબના અનુમાનોનુ ખંડન કરતો પુરાવો રજુ ન કરે ત્યાં સુધી આરોપી વિરૂધ્ધ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો પુરવાર માનવાનુ રહે છે ત્યારે અત્રેની અદાલત નામદાર સર્વોચ્ચ અદાલત દવારા **૨૦૦૯(૨) જી.એલ.આર. પેજ નંબર– ૧૨૪૦ (સુપ્રિમ કોર્ટ) મેસર્સ કુમાર એક્ષપોર્ટ વિરૂધ્ધ શર્મા કારપેટસ** ના ચુકાદાના પેરા–૧૧ માં અનુમાનનુ ખંડન કયારે કરી અને તે અનુમાનનોનુ ખંડન કરવાની જવાબદારી આરોપી કેવી રીતે નિભાવી શકે તે અંગે વિગતવારનો ન્યાયીક દિશા નિર્દેશ આપેલા છે.

ઉપરોકત ચુકાદાને માનસહ: વંચાણે લેતાં,અનુમાનનુ ખંડન કરી શકે તે મુજબનો પ્રોબેબલ બચાવ કે જે બચાવ આધારે અનુમાનોનું ખંડન થાય છે તેવુ માનવા સામાન્ય બુધ્ધિશાળી માણસ પ્રેરાય તેવો પુરાવો આરોપીપક્ષે રજુ કરવામાં આવેલ છે કે કેમ? અથવા તેવો બચાવ આરોપી પક્ષે રેકર્ડ ઉપર લાવી શકેલ છે કેમ?

**(૧૨)** ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અને ૧૧૮ તથા ૧૩૯ બંન્નેની જોગવાઈઓ ધ્યાને લેતાં જો વિરૂધ્ધનુ પુરવાર કરવો જણાઈ આવતો હોઈ, જેથી આરોપીની પ્લી નોધવામાં આવેલ છે. આપેલ ચેક પોતાની કાયદેસરની જવાબદારી અદા કરવા માટે આપેલ છે તેવુ અનુમાન કરવાની જોગવાઈ છે પરંતુ આ અનુમાન કયાં સુધી થઈ શકે અને તેનો વ્યાપ કેટલો છે અને તેના ખંડનની જવાબદારી કોની છે તે પણ સાથોસાથ જોવું જરૂરી છે. ઉપર જણાવેલ નામદાર સુપ્રિમ કોર્ટની ઓથોરીટીની સાથે સાથે આ જ સંદર્ભે નામદાર સર્વોચ્ચ અદાલતના **AIR-2010 S.C. માં પ્રસિધ્ધ થયેલ 1898 Rangappa V/s. Mohan પેરા–૧૪,**

-

It is also held in **Rangappa vs Sri Mohan AIR 2010 SC 1898 that, ‘‘** Once tha cheque relateds to the account of the accused and the accepts and adimts the signatures on the said cheque, then inital Presumption as contemplated under Section 139 of the Negotiable instruments Act has to be raised by the Court in favour of the complainant ,The presumption referred to in Section 139 of the N.I. Act is a mandatory presumption and not a general resumption but the accused is entitled of rebut the said preumption, What is requred to be extableisahed by the accused in order to rebut the presumpaton is different from each case under given circumsatnce It is also a settled postion the when an accused has to rebut presumtion under Section 139 , the standard of proof for doing so is that of reponderance of probailities , Therefore, If the accused is able to raise a probable defence which creates doubts about the existanece of a legally enforceable debt or liability, the preosencution can fail.

આમ, ઉપરોકત કરેલ કાયદાકીય જોગવાઈઓની અંદર નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત અને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૧૮ તથા ૧૩૯ ની જોગવાઈઓ ધ્યાને લેતાં એવુ ફલીત થાય છે કે,ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ મુજબ આરોપીએ આપેલ ચેક આરોપીએ પોતાના કાયદેસરના દેવા અથવા જવાબદારી અદા કરવા આપેલ છે તેવું પ્રાથમિક અનુમાન થાય અને અનુમાનના ખંડનની જવાબદારી આરોપીના શિરે છે. આરોપી આ અનુમાનના ખંડન માટે પુરાવો આપી શકે અથવા ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવા પર આધાર રાખી પોતાનો બચાવ રજુ કરી શકે, તે માટે આરોપીએ પુરાવો આપવો આવશ્યક નથી પરંતુ અનુમાનનુ ખંડન કરવાની જવાબદારી આરોપી પર છે. આરોપી જો આ અનુમાનનુ ખંડન થાય તેવો પુરાવો કે હકીકત રેકર્ડ પર લાવી અનુમાન નુ ખંડન કરવામાં સફળ થયેલ નથી

અને આરોપીએ આપેલ ચેક તે કાયદેસરના દેવા કે જવાબદારી પેટે આપેલ છે અને દેવુ કાયદેસરનુ છે તેવી હકીકત શંકાથી પર અને કડીબધ્ધ રીતે કરવાનુ હોતુ નથી પણ તેણે એવા પ્રબળ સંજોગો અને સંભાવના (Preponderance Probabilities) રેકર્ડ પર લાવવાના હોય છે. આ સાથે આરોપી ને અન્ય કાયદાકીય જોગવાઈઓનો લાભ મળી શકે છે. આ કામે ઉપરોકત બંન્ને જોગવાઈઓ અને નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાંના ઉપરોકત સિધ્ધાંતો ને ધ્યાનમાં રાખી આ કામે રજુ થયેલ પુરાવાનુ મુલ્યાંકન કરવુ આવશ્યક છે.

**(૧૩)** બચાવપક્ષે અનુમાનનુ ખંડન કરવા ફરિયાદીની ઉલટ તપાસ કરેલ છે અને દલીલ કરેલ છે.

**(૧૪)** બચાવપક્ષે ફરિયાદીની આંક–**૦૪** અન્વયે કરવામાં આવેલ ઉલટ તપાસ જોઈએ તો, ફરીયાદી પોતાની ઉલટ તપાસમાં એ હકીકત જણાવેલ છે કે, તેઓએ વડગામ કોર્ટમાં અંબાબેન સરદારભાઇ કરેડીયા વીરુધ્ધ ચેક રીટર્ન અંગેનો કેસ દાખલ કરેલો. આ કેસ કેટલા રૂપીયાનો કરેલો તે તેઓ ને હાલ યાદ નથી. તે કેસમાં સમાધાન કરેલુ. ફરીયાદી એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ અંબાબેન ઉપર જે કેસ દાખલ કરેલો તે પણ હાથ ઉછીના પૈસા માટેનો હતો. તેઓ ખેતી અને પશુપાલન કરતો હોઈ તે દર્શાવતા કોઈ આધાર પુરાવા આ કામે રજુ કરેલ નથી. તેઓ દુધની જે આવક ધરાવે છે તે નાણા સીધા તેમના બેંક ખાતામાં જમા થાય છે. તેઓ દુધની આવક અંગેના કોઇ આધાર પુરાવા આ કામે રજુ કરેલ નથી. તેઓ કોઈને પણ ઉધાર નાણા આપે તો તેના હીસાબની નોંધ તેઓની ડાયરીમાં રાખે છે. મે આરોપીને રૂપીયા આપ્યા અંગેનુ કોઈ લખાણ લીધેલ નથી કેમ કે આરોપી તેઓના પાડોશી થાય છે. આરોપી તેઓના પાડોશી થતા હોવાની હકીકત તેઓએ તેમની ફરીયાદ, નોટીસ કે પુરાવાના સોગંદનામામાં જણાવેલ નથી. તેઓએ આરોપીને રૂા.૮,૦૦,૦૦૦/– આપેલ હોય તેવી કોઇ હીસાબી નોંધ આ કામે રજુ કરેલ નથી. ફરીયાદીએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓ માસીક આવક રૂા.૨,૫૦,૦૦૦/– ધરાવે છે. તેઓ ખેડુત હોય, તેઓને

કોઈ ઈન્કમટેક્ષ રીટર્ન ભરવાનુ થતુ નથી. તેઓ માસીક આવક રૂા.૨,૫૦,૦૦૦/– ધરાવતો હોઉ તે દર્શાવતો દાર્શનીક પુરાવો નામદાર કોર્ટમાં રજુ કરવા તૈયાર છે. તેઓ કોઈ માલ વેચવા જાય તો વેપારી ચેકથી પેમેન્ટ કરે છે. હવે તેઓ જણાવે છે કે, કેસમાં પેમેન્ટ કરે છે. અને ખેતીની આવકનુ પેમેન્ટ તેઓ ને ચીઠ્ઠી મારફત આપવામાં આવે છે.

વધુમાં બચાવપક્ષ દ્વારા એવો સવાલ કરવામાં આવેલ છે કે, તમે એક સાથે આઠ લાખ રૂપીયા આરોપીને આપેલ હોય અને તમારી પાસે આઠ લાખ રૂપીયા એક સાથે આવેલ હોય તેવો કોઈ આધાર પુરાવો આ કામે રજુ કરેલ નથી? જેના જવાબમાં ફરીયાદી જણાવે છે કે, તેઓએ તેમની બચતમાંથી આપેલ છે.

ફરીયાદીએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ પોતાના ઘરમાં આઠ લાખ રૂપીયા બચત પડેલ હોય તેવો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી. તેઓએ તેમની બચત કઇ આવકમાંથી કરેલ છે તેવો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી. તેઓએ તેમની ફરીયાદમાં આરોપીને કઇ તારીખે, કયા માસમાં અને કયા વર્ષમાં નાણા આપેલા તે હકીકત જણાવેલ નથી. તેઓએ આરોપીને પૈસા આપેલા ત્યારે તેમની ઘરે કોઈ હાજર ન હતુ. તેઓએ ચેક બેંકમાં જમા કરાવ્યા અંગેની સ્લીપ આ કામે રજુ કરેલ નથી. તેઓએ તેમની ફરીયાદમાં તેમના બેંક ખાતાનો નંબર લખેલ નથી. તેઓને એ વાતની ખબર નથી કે, વીસ હજાર રૂપીયા થી વધારે રકમનો વ્યવહાર ચેક થી કરવો પડે. આરોપીએ તેઓને ચેક કઈ જગ્યાએ આપેલો તે હકીકત તેઓએ તેમની ફરીયાદ, સરતપાસના સોગંદનામામાં જણાવેલ નથી.

વધુમાં બચાવપક્ષ દ્વારા એવો સવાલ કરવામાં આવેલ છે કે, તમોએ જે નોટીસ આપેલ છે તે તા. ૧૨/૦૨/૨૦૨૪ ની નથી? જેનો જવાબ ફરીયાદીએ હકારમાં આપેલ છે. ફરીયાદી વધુમાં જણાવે છે કે, તા. ૧૬/૦૨/૨૦૨૪ ના રોજ મોકલેલ છે. એ વાતની મને ખબર નથી કે, આરોપી અંગ્રેજી ભણેલ છે કે કેમ.

ફરીયાદીએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ ફરીયાદ તા.૨૩/૦૩/૨૦૨૪ ના રોજ દાખલ કરેલી. તેઓએ તેમને ફરીયાદના પેરા નં.૨ માં આરોપી આશરે છ માસ અગાઉ તેમના ઘરે આવેલા અને તે સમયે તેઓએ આરોપીને

પૈસા આપેલ હોવાની હકીકત લખાવેલ છે. તેઓએ આરોપીને સને–૨૦૨૩ ના છઠ્ઠા મહીનામાં પૈસા આપેલા. તેઓએ ફરીયાદ દાખલ કરી ત્યારથી છ માસ અગાઉ એટલે સપ્ટેબર–૨૦૨૩ થાય. આરોપી પાસે તેઓને કોઈ કાયદેસરનુ અમલમાં આવી શકે તેવુ લ્હેણુ હોય તે દર્શાવતો કોઈ આધાર પુરાવો જેવો કે સ્ટેમ્પ પેપર્સનુ લખાણ, કરાર કે પ્રોમીશરી નોટ લીધેલ નથી.

ફરીયાદી એ વાતનો સ્વીકાર કરે છે કે, તેઓએ નામદાર કોર્ટમાં જે દસ્તાવેજો રજુ કરેલ છે તે લગત કોઇ સોગંદનામુ કરવામાં આવેલ નથી. તેઓએ જે જમીનના ઉતારા રજુ કરેલ છે તે જમીન સંયુક્ત માલીકીની છે. આ જમીન ઉપર બેંક ઓફ બરોડાનો બોજો ચાલે છે. આ લોન અંગે દર વર્ષે તેઓ વ્યાજ ભરે છે. આ જમીનની ખેતપેદાશ તેઓ ગંજ બજારમાં વેચે છે. તેઓએ જે ખેતીના ઉતારા રજુ કરેલ છે તે સને ૨૦૨૧–૨૨ થી સને ૨૦૨૩–૨૪ સુધી આ જમીન પડતર બતાવેલ છે. સાહેદ જણાવે છે કે, તલાટી આવતા નથી અને તેની કોઈ નોંધ કરતા નથી. તલાટી આવતા ન હોવા બાબતે તેઓએ કોઈ લેખીતમાં જાણ કરેલ નથી. સાહેદ જણાવે છે કે, લેખીતમાં કોઈ જાણ કરવાની હોતી નથી, મૌખીક જાણ કરેલ છે. તેઓએ જે ઇન્કમટેક્ષ રીટર્ન રજુ કરેલ છે તેમાં કોઈ અધિકૃત અધિકારીનો સહી–સીક્કો નથી. આ ઈન્કમટેક્ષ રીટર્ન ઉપર ખરી નકલ કરેલ નથી. સને ૨૦૨૧–૨૨ અને સને–૨૦૨૨–૨૩ માં મારી કુલ વાર્ષીક આવક રૂા.૪,૯૯,૨૫૦/– અને રૂા.૪,૯૦,૧૫૦/–આઇ.ટી.રીટર્ન પ્રમાણે દર્શાવેલ છે. તેથી આ ટેક્ષેબલ ન હોવાથી મે કોઈ ઈન્કમટેક્ષ ભરેલ નથી. તેઓએ જે ખેતપેદાશના વેચાણ અંગેના બીલો રજુ કરેલ છે તે બીલમાં પેઢીના માલીકનુ નામ લખેલ નથી અને તેમાં સહી કોની છે તે તેઓ કહી શકે નહી. તેઓએ રજુ કરેલ બીલોમાં જે રકમ લખેલ છે તેમાં સી–જી.એસ.ટી.અને એસ–જી.એસ.ટી.નો ઉલ્લેખ કરેલ નથી. સદર બીલોમાં પેઢીનો કોઈ સીક્કો નથી. આ પેઢી માલીકીની છે કે પછી ભાગીદારીની છે તે આ બીલ જોઈને કહી શકે નહી. તેઓએ સને ૨૦૨૨,૨૦૨૩ માં રજુ કરેલ બીલ આધારે રૂા.૨,૩૧,૦૮૬/–, રૂા.૩૭,૦૫૫/–, રૂા.૧,૮૮,૪૩૨/–, રૂા.૪૪,૧૫૭/– ની ખેતપેદાશોનુ વેચાણ કરેલ છે. સાહેદ જણાવે છે કે, આ સીવાય પણ તેઓએ ખેતપેદાશોનુ વેચાણ કરેલ છે પરંતુ તેના બીલો તેમની પાસે નથી. આ સીવાયના ખેતપેદાશોના વેચાણના બીલો તેઓએ રજુ

કરેલ નથી. આ બીલના પૈસા તમને રોકડા મળ્યા બદલ તે મતલબનો કોઈ આધાર પુરાવો તમે આ કામે રજુ કરેલ નથી તેમ સાહેદને પુછતા સાહેદ જણાવે છે કે, આ બીલો જે રજુ કરેલ છે તે જ આધાર પુરાવો ગણાય, રકમ અમને રોકડામાં મળેલ છે. તેઓએ આ રજુ કરેલ બીલમાં પૈસા તેઓને રોકડા ચુકતે મળેલ હોય તે બદલની તેમની કોઈ સહી નથી. આ બીલની રકમ તેઓએ બેંકમાં જમા કરાવેલ હોય તે લગતનો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી. બીજી અન્ય હકીકતનો તેઓએ ઈન્કાર કરેલ છે.

(૧૫) ત્યારબાદ બચાવપક્ષે નીચે મુજબના સાયટેસન્સ રજુ કરેલા છે.

૧) ૨૦૨૪(૧) જીએલઆર–પેજ નં.૩૪૭ – નામ. ગુજ. હાઈ કોર્ટ

૨) ૨૦૧૨(૨) જીએલઆર–પેજ નં.૧૭૫૮ – નામ. ગુજ. હાઈ કોર્ટ

૩) ૨૦૨૨(૪) જીએલઆર–પેજ નં.૩૧૦૧ – નામ. ગુજ. હાઈ કોર્ટ

૪) ૨૦૧૧(૨) ક્રાઈમ્સ–પેજ નં.૭૧૧ – નામ. દિલ્લી હાઈ કોર્ટ

૫) ૨૦૧૯(૫) SSC -LAWSUIT – નામ. સુપ્રિમ કોર્ટ

૬) ૨૦૧૧(૪) ક્રાઈમ્સ–પેજ નં.૬૬૧– નામ. ઓરીસ્સા હાઈ કોર્ટ

૭) ૨૦૧૪(૧) ક્રાઈમ્સ– ૬૬(SC) – નામ. સુપ્રિમ કોર્ટ

૮) ૨૦૨૨(૪) જીએલઆર–પેજ નં.૨૮૭૦ – નામ. ગુજ. હાઈ કોર્ટ

૯) ૨૦૦૭(૨) CACC -458 – નામ. સુપ્રિમ કોર્ટ

૧૦) ૨૦૦૭(૨) CACC -487 – નામ. સુપ્રિમ કોર્ટ

૧૧) મહેતા નિલેશ વીશ્ણુપ્રસાદ વિ. સ્ટેટ ઓફ ગુજરાત

(૧૬) ત્યારબાદ ફરીયાદપક્ષે નીચે મુજબના સાયટેસન્સ રજુ કરેલા છે.

૧) AIR 2010 SUPREME COURT 1898 – નામ. સુપ્રિમ કોર્ટ

૨) 2009 (2) SSC 513 : AIR 2009 SC 1518

(૧૭) આમ, ઉપરોકત સમગ્ર ઉલટ તપાસ જોઈએ તો ઉલટ તપાસ અને દલીલ થકી આરોપી પક્ષે બચાવ એમ છે કે, ફરીયાદી અને આરોપી પાડોસી હોય

આરોપીને નાણાં જરૂરત  પડતાં ફરીયાદી પાસેથી ઉછીના નાણા લઈ જતાં અને પરત કરી જતાં હતા. જેથી ફરીયાદીને આરોપી ઉપર વિશ્વાસ અને ભરોસો હતો. આરોપીએ ફરીયાદી પાસે  રૂા. ૮,૦૦,૦૦૦/– સામાજીક કામ માટે તેઓ ઉછીના લઈ ગયેલા. ફરીયાદી ખેતી તથા પશુપાલનનો ધંધો કરતા હોવાથી અને  તેમની પાસે ૧૦ વિઘા જેટલી જમીન હોવાથી તેઓ ખેતીમાં માસીક રૂા.૨,૫૦,૦૦૦/– કમાતા હોવાની હકીકતનો સ્વીકાર  કરતા હોવાથી ફરીયાદી પાસેથી સામાન્ય રીતે રૂા.૮,૦૦,૦૦૦/– બચત ના પડયા હોય તેવું માની શકાય. તેમાંથી આરોપીને ઉછીના રૂા.૮,૦૦,૦૦૦/– આપેલા. તે લેણાની ઉઘરાણી કરતાં આરોપીએ ફરીયાદી ચેક આપેલો. ચેકમાં સહી આરોપીની નથી તેવો કોઈ બચાવ આરોપીપક્ષ તરફે લીધેલ નથી, ચેકમાં લખેલ લખાણ આરોપીનું નથી તેવું પણ  બચાવ આરોપીપક્ષ તરફે નથી. આમ, આરોપીનો જે બચાવ  ફરીયાદીની આવક અંગે જણાવેલ કે, તે બચાવ ટકવા પાત્ર નથી.

(૧૮) વધુમાં ઉલટ તપાસ અને દલીલ થકી આરોપી પક્ષે બચાવ એમ છે કે, ફરીયાદી રૂા. ૮,૦૦,૦૦૦/– કયાંથી લાવેલ તેનો કોઈ આધાર પુરાવો આ કામે રજુ કરેલ નથી. તેવી હકીકત જણાવી બચાવપક્ષે ફરિયાદીની આર્થિક સદ્ધરતા અંગે સવાલ કરેલ છે. આ તબકકે નામ.સર્વોચ્ચ અદાલત નો ***Rohit J Patel V/S State of Gujarat, Criminal Appeal No. 508 of 2019,*** ના ચુકાદામાં નામ.કોર્ટે જણાવેલ સિઘ્ધાંત જોઈએ તો,

*Para19.*

*……………………………………………………………………………………………………………………………………..The observations of the Trial Court that there was no documentary evidence to show the source of funds with the respondent to advance the loan, or that the respondent did not record the transaction in the form of receipt of even kachcha notes, or that there were inconsistencies in the statement of the complainant and his witness, or that the witness of the complaint was more in know of facts etc. would have been relevant if the matter was to be examined with reference to the onus on the*

*complaint to prove his case beyond reasonable doubt. These considerations and observations do not stand in conformity with the presumption existing in favour of the complainant by virtue of Sections 118 and 139 of the NI Act.* ***Needless to reiterate that the result of such presumption is that existence of a legally enforceable debt is to be presumed in favour of the complainant. When such a presumption is drawn, the factors relating to the want of documentary evidence in the form of receipts or accounts or want of evidence as regards source of funds were not of relevant consideration while examining if the accused has been able to rebut the presumption or not*** *.............*

*Para 20. On perusing the order of the Trial Court, it is noticed that the Trial Court proceeded to pass the order of acquittal on the mere ground of 'creation of doubt'. We are of the considered view that the Trial Court appears to have proceeded on a misplaced assumption that by mere denial or mere creation of doubt, the appellant had successfully rebutted the presumption as envisaged by Section 139 of the NI Act.* ***In the scheme of the NI Act, mere creation of doubt is not sufficient.***

ઉપરોકત ચુકાદામાં નામ.સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, નેગો.ઈન્સ.એકટની કલમ–૧૩૯ અન્વયે જયારે ફરિયાદપક્ષના તરફેણમાં અનુમાન કરવામાં આવેલ હોય ત્યારે, ફરિયાદીપક્ષ દવારા આવક અંગેના પુરાવા કે સ્ત્રોત રજુ કરેલ નથી તે આરોપી પક્ષે તેના વિરૂધ્ધના અનુમાનના ખંડન માટે સબંધિત રહેશે નહી. વધુમાં, એમ પણ ઠરાવેલ છે કે, માત્ર શંકા ઉત્પન્ન કરવી પણ ખંડન ગણાશે નહિ. આમ, ઉપરોકતની હકીકતે બચાવપક્ષે ઉલટ તપાસ અને દલીલમાં ફરિયાદીની આર્થિક સધ્ધરતા નથી અને જેથી તેનો લાભ આરોપીપક્ષને મળવો જોઈએ તેમ જણાવેલ છે. પરંતુ ઉપરોકત ચર્ચા કરી એ મુજબ નામ.સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ સિધ્ધાંત મુજબ જયારે ફરિયાદ પક્ષના તરફેણમાં અનુમાન કરવામાં આવેલ હોય ત્યારે,ફરિયાદીપક્ષ દવારા આવક અંગે ના પુરાવા કે સ્ત્રોત રજુ કરેલ નથી તે આરોપી પક્ષે તેના વિરૂધ્ધના અનુમાનના ખંડન માટે  સબંધિત રહેશે નહી. આરોપી પક્ષે સૌપ્રથમ પોતાની સહી વાળો ચેક ફરીયાદી

પાસે કોઈ પણ જાતનુ કાયદેસરની લેણુ ન હોવા છતાં કેવી રીતે આવ્યો તે હકીકત પુરાવા થકી સાબિત કરવી પડે ત્યારબાદ તે ફરીયાદીની આર્થિક સધ્ધરતા અંગે સવાલ કરી શકે અને ફરિયાદપક્ષે સાબિતીનો બોજો શિફટ થાય.

**(૧૯)** આ કામે રેકર્ડ ઉપર આવેલ તમામ પુરાવા ધ્યાને લેતા, આ કામના ફરીયાદીએ આંક–૦૪ થી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૪૫ મુજબ સોગંદનામા પર સરતપાસ રજુ કરેલ છે. ફરીયાદીએ તેમના સમર્થનમાં તા. ૦૮/૧૨/૨૦૨૩ ના રોજનો તકરારી ચેક આ કામે આંક – ૦૬ થી રજુ કરવામાં આવેલ તકરારી ચેક ફરીયાદીએ પોતાના બેન્કમાં વટાવવા માટે રજુ કરતાં, તે ચેક તારીખ : ૧૪/૧૨/૨૦૨૩ નારોજ '' ફંન્ડસ ઈનસફીસીયન્ટ '' શેરા સાથે પરત ફરેલ છે જે આંક – ૦૭ તથા આંક–૦૮ ના રીર્ટન મેમા ઉપરથી જણાઈ આવે છે. સદર ચેક પરત ફર્યા બાદ ફરીયાદી એ આરોપીને તેમના સરનામે આંક –૦૯ વાળી કાયદેસરની લેખિત નોટીસ આપેલ જે લેખિત નોટીસ આ કામના આરોપીને તારીખ : ૧૬/૦૨ /૨૦૨૪ ના રોજ મોકલેલ છે જે આંક– ૧૦ વાળી પોસ્ટ ખાતાની રજી. પો.એડી. ની પાવતી ઉપરથી પુરવાર થાય છે. તે નોટીસ આરોપીને બજી ગયેલ છે જે આ કામે આંક –૧૧ ના પોસ્ટનની એકનોલેજમેન્ટ સ્લીપ ઉપરથી પુરવાર થાય છે.

**(૨૦)** ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા મુજબ અત્રે પ્રથમ અનુમાન ફરિયાદીની તરફેણમાં થાય છે કે, આરોપીએ તકરારી ચેક ફરિયાદીને કાયદેસરનાં લેણા પેટે આપેલ હતો, પરંતુ આ ધારણા વિરૂઘ્ધ વ્યાજબી શંકા ઉપસ્થિત કરવાનો બોજો આરોપી ઉપર છે. આરોપીએ ફરિયાદીનાં કેસને માત્ર નકારેલ છે, જેથી એવું કહી શકાય નહીં કે ફરિઢ યાદીનાં કેસમાં આરોપી વ્યાજબી શંકા ઉપસ્થિત કરી શકયા છે. આ તબકકે અત્રેની કોર્ટ નામદાર સુપ્રિમ કોર્ટનાં ***બેરલ એન્ડ ડ્રમ મેન્યુફેકચરીગ કંપની વિરૂધ્ધ અમીનચંદ પ્યારેલાલ – ૧૯૯૯(૩) – એસ.સી.સી. – ૩૫*** નાં ચુકાદા ઉપર આધાર રાખે છે, જેમાં નામદાર સુપ્રિમ કોર્ટે નીચે મુજબ ઠરાવેલ છે :

> “The Bare denial of the passing of the consideration apparently does not appear to be any defence. Something which is proba-

ble has to be brought on record for getting benefit the onus of proving to the plaintiff. To disprove the presumption, the defendant has to bring of record such facts and circumstances upon consideration of which the court may believe that the consideration does not exist or its non-existence was so probable that a prudent man would, under the circumstances of the case, act upon the plea it did not exist.”

(૨૧) વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટે ***કે.એન.બીના વિરૂધ્ધ મુનિયપ્પન – એ.આઈ.આર. – ૨૦૦૧ – સુપ્રિમ કોર્ટ – ૧૬*** નાં ચુકાદામાં ઠરાવેલ છે કે, ચેક કોઈ કાયદેસરનાં લેણા પેટે ઈશ્યુ કરવામાં આવેલ ન હતો તે પુરવાર કરવાનો બોજો આરોપી ઉપર રહે છે અને માત્ર નકારવાથી તે બોજો બીજી તરફે શીફટ થતો નથી. વધુમાં ઠરાવવામાં આવેલ છે કે, ટ્રાયલ દરમ્યાન આરોપીએ તટસ્થ પુરાવા રજુ કરી પુરવાર કરવાનું રહે છે કે તેના માથે કોઈ કાયદેસરનું લેણું ન હતુ અને માત્ર ઔપચારીક પુરાવઢ ાથી કન્વીકશન રદ થઈ શકે નહીં.

(૨૨) ***ડિ.કે.ચંદેલ વિ. મે. વોકહાર્ડ લી. (ક્રિમીનલ અપીલ નં.૧૩૨/૨૦૨૦)*** ના ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા નીચે મુજબનું અવલોકન કરેલ છે જે હાલના કેસમાં વંચાણે લેવુ જરુરી છે –

“(8) As held by the Trial Court as well as by the High Court that the cheque was issued towards the amount due and payable by the appellant for purchase of pesticides. As rightly observed by the High Court production of the account books/cash book may be relevant in the civil court; but may not be so in the criminal case filed under Section 138 of the N.I.Act. This is because of the presumption raised in favour of the holder of the cheque. In view of the concurrent findings recorded by the Trial Court as well as by the High Court we do not see any ground warranting interference with the conviction of the appellant under Section

138 of the N.I.Act."

(૨૩) આમ, ઉપરોક્ત કરવામાં આવેલ વિગતવાર ચર્ચાને તેમજ રેકર્ડ ઉપર આવેલ પુરાવાને ધ્યાને રાખવામાં આવે તો આ કામના આરોપીએ માત્ર એક તર્ક ઉભો કર્યો છે કે તેમના અને ફરિયાદી વચ્ચે કોઈ વ્યવહાર થયેલો નથી. પરંતુ વટાવખત અધિનિયમની કલમ–૧૩૯ વંચાણે લેવામાં આવે તો માત્ર આવા તર્કના આધારે કાયદામાં પ્રસ્થાપિત અનુમાનનું ખંડન થતુ નથી. આરોપી એવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર લાવી શક્યા નથિ કે જેના આધારે એવુ કહી શકાય કે ફરિયાદી આરોપીને આવી કોઈ રકમ આપવા સક્ષમ નહતા. વધુમાં આરોપીએ ફરિયાદીની આંક– ૧૩ વાળો નોટીસનો જવાબ આપી આવો કોઇ બચાવ લીધેલ હોય તેવો પણ આરોપીનો કોઇ કેસ નથી. જેથી આરોપી તરફે લેવામાં આવેલ બચાવ અત્રે ટકવાપાત્ર નથી.

(૨૪) આમ, ઉપરોક્ત કરેલ સમગ્ર ચર્ચા ધ્યાને લેતા આરોપીએ તેના બચાવમાં જે તકરાર લીધેલી છે તે રજુઆતો રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોતા માનવાને પાત્ર ઠરતી નથી. વટાવખત અધિનિયમ અને ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ અનુસાર આરોપીએ પોતાનો બચાવ ફરિયાદીના ધોરણે પુરવાર કરવાનો હોતો નથી પરંતુ માત્ર વ્યાજબી શંકા ઉપસ્થિત કરવાની રહે છે. પરંતુ આ બચાવ સંભવીત અને માનવાને પાત્ર હોવો પણ જરુરી છે. ઉપર કરેલ ચર્ચા મુજબ જ્યારે આરોપીનો કોઈ બચાવ માનવાને પાત્ર રહેતો નથી તેવા સંજોગોમાં ફરિયાદીના તરફેણમાં થયેલ વટાવખત અધિનિયમની કલમ–૧૧૮ અને ૧૩૯ મુજબના અનુમાનનું ખંડન આરોપી કરવામાં સફળ રહ્યા છે તેવુ કહી શકાય નહી. જેથી ફરિયાદવાળો ચેક આરોપીએ ફરિયાદીને કાયદેસારના દેવાની ચુકવણી પેટે આપેલ જે આરોપીના ખાતામાં અપૂરતુ ભંડોળ હોવાના કારણોસર પરત ફરેલો અને જે બાબતેની કાયદેસરની નોટીસ આરોપીને આપ્યા બાદ આરોપીએ આ નાણાંની ચુકવણી નોટીસ મળ્યાના પંદર દિવસમાં કરેલ ન હોય આરોપી સામે વટાવખત અધિનિયમની કલમ–૧૩૮ મુજબનો ગુનો પુરવાર થાય છે.

-

**(૨૫)** આમ, રેકર્ડ ઉપર આવેલ સમગ્ર પુરાવા તથા દલીલો ધ્યાને લેતા, ફરિયાદીએ પુરવાર કરેલ છે કે, આ કામનાં આરોપીએ વટાવખત અધિનિયમની કલમ –૧૩૮ મુજબનો ગુનો કરેલ છે, જેથી **મુદ્દા નં.૧** નો જવાબ '**હકારમાં**' આપી, **મુદ્દા નં.ર** અન્વયે નીચે મુજબનો **હુકમ** કરવામાં આવે છે.

**:: હુકમ ::–**

૧) આ કામના આરોપી **પ્રવિણસિંહ ગંભીરસિંહ સોલંકી, રહે. આંબેડકરનગર, વડગામ, તા. વડગામ, જી.બનાસકાંઠા.** નાઓને બી. એન. એસ.એસ. ૨૦૨૩ ની કલમ –૨૭૮ (૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ આથી તકસીરવાન ઠરાવવામાં આવે છે.

૨) આરોપી ને સજા કરતાં અગાઉ તે સંદર્ભે સાંભળવા જરૂરી જણાતું હોય આરોપી ને સજા અંગે સાંભળવા ચુકાદો મુલતવી રાખવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામ : વડગામ
તારીખ : ૧૦/૦૪/૨૦૨૬

**( ચંદ્ર શેખર શર્મા)**
જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ,
વડગામ
જજ કોડ નં.જીજે. ૦૧૫૬૨

-

**-:: સજા અંગે ::-**

આરોપીને તકસીરવાન ઠરાવ્યા બાદ સજા બાબતે આરોપીના વિ.વકીલશ્રીની રજુઆત છે કે, આ કામના આરોપી ગરીબ વર્ગના ઈસમ છે અને જો આરોપીને સજા કરવાથી તેનો પરીવાર રજળી પડે તેમ છે. જેથી આરોપીને ઓછી સજા કરવા યોગ્ય હુકમ કરવા રજુઆત થયેલ છે. હાજર ફરીયાદી તરફે રજુઆત છે કે, આરોપીને તકસીરવાન ઠરાવતા કઈ રીતે આરોપીએ ફરીયાદીની કાયદેસરની લેણી નીકળતી રકમ આપવામાં ચુક કરી ફરીયાદીને હેરાન-પરેશાન કરેલ છે. તે મતલબની રજુઆતો સાથે વિતેલ સમય અને આરોપીની વર્તણુક ધ્યાને લઈ આરોપી ને પુરેપુરી સજા અને ચેકની રકમ કરતાં બમણી રકમ વળતર પેટે અપાવવા રજુઆત થયેલ છે.

રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાને લેતાં આ કામે ફરિયાદપક્ષ આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો ગુનો પુરવાર કરવામાં સફળ રહેલ છે. નામ.સર્વોચ્ચ અદાલત દવારા અનેક ચુકાદામાં કાયદાના અવકાશ/હેતુનુ વર્ણન કરેલ છે. હાલમાં દેશમાં નાણાંકીય વ્યવહારો યોગ્ય અને સરળ રીતે થઈ શકે તેમજ લોકો વચ્ચે પ્રમાણિકતાથી સમગ્ર દેશમાં વ્યવહારો થઈ શકે તે માટે ચેકને ઉપકરણ તરીકે જાહેર કરેલ છે. માત્ર લેણદારો ની છેતરપીંડી કરવાના કારણે હાલમાં વ્યવસાયિક લેવડ દેવડમાં ચેક થી થતાં વ્યવહારો ઘટવા પામેલ છે. ચેક પરત થતાં બેન્કિગ તથા વ્યવસાયમાં ચેક દવારા થતા વ્યવહારોની વિશ્વસનીયતાને ગંભીર અસર પડેલ છે. હાલમાં ચેક રીટર્નના કેસોમાં વધારો થયેલ છે. જેથી સામાન્ય માણસમાં ચેક થતી થતા વ્યવહારોમાં વિશ્વસનીયતા રહેલ નથી. આ કામે આરોપીને આર્થિક ગુનો કરેલ છે. ક્રિમી.પ્ર ોસી.કોડની કલમ-૩૬૦ ની જોગવાઈઓ ધ્યાને લેતાં આરોપી સામે પુરવાર થયેલ ગુનાની હકીકત જોતાં આરોપીને પ્રોબેશનનો લાભ મળવાપાત્ર નથી.

જે રીતે આરોપીએ ફરીયાદીની કાયદેસરની લેણી નીકળતી રકમ આપવામાં ચુક કરી ફરીયાદીને હેરાન પરેશાન કરેલ છે. જે તમામ હકીકતો તેમજ હાલના કાયદાનો ઉદેશ તેમજ સમાજમાં આવા પ્રકારના હાલના કાયદાનો ઉદ્દેશ તેમજ સમાજમાં આવા પ્રકારના ગુનાઓ થતા અટકે તેમજ બહુજન સમાજનો એક થી થતા વ્યવહારમાં વિશ્વાસ ટકી રહે તે જરૂરી છે.

*In the case of “ **MOHAMMAD ALI vs SHARANAPPA** “ The Hon’ble Supreme Court of India held on Dt-14 th july 2025,That conviction must be followed by fine covering cheque amount intrest and compensation.*

*In this context,The Hon’ble Supreme Court of India refer the judgement of Apex court in **R.Vijayan vs Baby (2012) 1 scc 260** in Which section 357 of the code of criminal procedure 1973 has been interpreted wherein it has been observed that section 138 of the act authorises the learned Magistrate to impose by way of the fine an amount which may extend to twice the amount of cheque,with or without imprisonment.*

*In all such cases,where there is conviction, there should be a consequential levy of fine of an amount suuficient to cover the cheque amount.There could also be interest on the cheque amount, followed by award of such amount as compesation from the fine amount.*

ઉપરોકત ચુકાદા તેમજ કાયદાકીય જોગવાઈને આધારે નીચે મુજબનો આથી **આખરી હુકમ** કરવામાં આવે છે.

## –// આખરી હુકમ //–

(૧) આ કામના આરોપી **પ્રવિણસિંહ ગંભીરસિંહ સોલંકી,રહે. આંબેડકરનગર, વડગામ, તા. વડગામ, જી.બનાસકાંઠા** નાઓ ને બી. એન.એસ. એસ. ની કલમ– ૨૭૮(૩) અન્વયે ધી નેગોશી એબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ મુજબના ગુનામાં કસુરવાર ઠરાવવા માં આવેલ હોય, તેમને **બે વર્ષ ની સાદી કેદની સજા** ફરમાવવામાં આવે છે.

-

(૨) બી.એન.એસ.એસ. કલમ– ૩૯૫ મુજબ ફરિયાદવાળા ચેકની રકમ **<u>રૂા. ૮,૦૦,૦૦૦/–(અંકે રૂપીયા આઠ લાખ પુરા)</u>** ની રકમ આ કામના આરોપીએ ફરીયાદીને વળતર પેટે હુકમની તારીખથી એક માસની અંદર ચુકવી આપવી. જો આરોપી વળતરની રકમ એક માસ દરમ્યાન ચુકવવામાં નિષ્ફળ જાય તો આરોપીને **<u>વધુ છ માસની સાદી કેદની સજા</u>** ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીએ જો કોઈ સજા ભોગવેલ હોય તો તે સજા બી.એન.એસ.એસ. કલમ– ૪૬૮ મુજબ મજરે આપવાની રહેશે.

(૪) આ હુકમની એક નકલ બી.એન.એસ.એસ. ની કલમ–૪૦૪(૧) મુજબ આરોપીને વિનામૂલ્યે પુરી પાડવી.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુકામ : વડગામ
તારીખ : ૧૦/૦૪/૨૦૨૬.

**( ચંદ્ર શેખર શર્મા)**
જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ,
વડગામ
જજ કોડ નં.જીજે. ૦૧૫૬૨